# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે નામ ચૂંટણીપંચ દ્વારા રાષ્ટ્રીય મતદાતા દિવસ નિમિતે જિલ્લા કક્ષાએ તા.૦૩/૦૧/૨૦૧૮ તથા રાજ્ય કક્ષાએ તા.૦૫/૦૧/૨૦૧૮ ના રોજ નેશનલ ઇલેક્શન ક્વિઝ-૨૦૧૭ યોજવામાં આવનાર છે. આ સ્પર્ધા માટે અગાઉ આ ક્વિઝ જે શાળામાં યોજાયેલ છે તે શાળાના પ્રથમ વિજેતા સ્પર્ધકને જિલ્લા કક્ષાએ ક્વિઝ રમાડવાની રહેશે. જિલ્લા કક્ષાના વિજેતા બે વિદ્યાર્થીઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે જે તે જિલ્લાની ટીમ તરીકે રહેશે. જિલ્લાકક્ષાએ વિજેતા જાહેર થયેલ સ્પર્ધકને તા.૨૫/૦૧/૨૦૧૭, રાષ્ટ્રીય મતદાતા દિવસના રોજ થનાર ઉજવણીમાં પ્રમાણપત્ર અને રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

સ્પર્ધા માટેની કામગીરી સારી રીતે પુર્ણ થાય તે કાળજી જિલ્લા શિક્ષણાધિકારીએ, કલેક્ટરશ્રીના પરામર્શમાં રહી કરવાની રહેશે તેમજ જિલ્લા કક્ષાના વિજેતાઓની યાદી ક્વીઝ પૂર્ણ થાય કે તુરતજ સંબંધિત જીલ્લા કલેકટરશ્રીને, મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીને તથા આ કચેરીને મોકલી આપવાની રહેશે જેથી રાજ્ય કક્ષાએ સમયસર આયોજન થઇ શકે.

સચિવશ્રીવતી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર